શું તમે જાણો છો?

જોન એબ્રાહમે કભી ખુશી કભી ગમમાં કરીના કપૂરના પાત્ર પાછળ લટ્ટુ એવા છોકરાનો રોલ નકાર્યો હતો તે વખતે તેની પ્રેમિકા બિપાશા બાસુ અને બેબોનું યુધ્ધ ટોચ પર હતું.

સન્યાસિની (?!)નું જીવન જીવતી

મલ્લિકાને બોલિવુડની વાયેગ્રા બનવાની ખ્વાહિશ

જીવનમાં મળતી સફળતા-નિષ્ફળતા માનવીના વિચારોને બદલતી રહે છે લાગે છે કે બોમ્બશેલ મલ્લિકાને પણ તેની કહેવાતી સફળતાએ એવું સ્ટેટમેન્ટ આપવા પ્રેરી લાગે છે કે, 'મને બોલિવુડની વાયેગ્રા બનવાની ખ્વાઇશ છે' સાચું ખોટું રામ જાણે પણ મલ્લિકાબેનના આ કોડ કેટલાં પૂરા થાય છે તે તો એ જ જાણે...

મલ્લિકા શેરાવત એક નવા વિચાર સાથે આજકાલ બોલિવુડ ટાઉન ગજાવી રહી છે તે કહે છે કે તે હવે સાધ્વી જેવું જીવન જીવે છે. 'મારાં જીવનમાં કોઈ પુરુષ નથી મેં હંમેશા એવા પુરુષની શોધ કરી છે જેનામાં મારાં કરતાં વધારે 'ગટ્સ' હોય. જો કોઈની સાથે હું ડેટિંગ કરતી હોત કે મને કોઈનામાં રસ હોત તો હું ચોક્કસ મિડિયાને કહેતે! એવા ઘણાં લોકો હતા જેમણે મારાંમાં રસ દાખવ્યો હતો અને જ્યારે મેં તેમની સાથે સંબંધ વધારવાનું વિચાર્યું હતું ત્યારે હું મારાં કામમાં વ્યસ્ત થઇ ગઇ છું. હું મારી કેરિયર બનાવવામાં બીઝી રહી છું અને હું માનું છું કે હું જે કામ કરું તેમાં મારું સો ટકા આપું કાં તમે કામ કરી શકો અથવા તમારો પ્રેમ મેળવી શકો અને હમણાં મને કોઈ પુરુષ કરતાં સ્ક્રીપ્ટ વધારે આકર્ષે છે. આવું કહેતી મલ્લિકાને કોઈએ પૂછ્યું કે જો તે એક્ટ્રેસના હોત તો શું હોત ત્યારે મલ્લિકાએ બધાંને આશ્ચર્ય થાય તેવો જવાબ આપ્યો, ''હું નન કે સ્કુલ ટીચર હોત.. અથવા ફીલોસોફર કે પછી હેલ્થ ઇન્ડસ્ટ્રીને લગતી કોઈ જોબ કરતી હોત.

હવે નન બનવા ઇચ્છતી વ્યક્તિ બોલિવુડની વાયેગ્રા કેવી રીતે બને કહો જોઇએ? પુરી ઇન્ડસ્ટ્રી જાણે છે કે મલ્લિકા કેવા કેવા કામ કરી ઇન્ડસ્ટ્રીમાં ટકી રહે છે. તે ખુદ કહે છે, 'મને ઇન્ડસ્ટ્રીમાં આવતા જ અહેસાસ થયો કે દુનિયા પુરુષો ચલાવે છે. ભગવાન નહિ સ્ત્રીઓને ગુલામીમાંથી મુકત કરવાની પુરુષોની ખ્વાહિશ ભ્રામક છે મેં કામ માટે બહુ શોધ ચલાવી પણ ત્યારે મને લોકોએ ઈગ્નોર જ કરી. મુંબઈમાં એકલાં રહેવું સહેલું નથી. ઇન્ડસ્ટ્રીઝમાં ટકી રહેવા માટે મને ફિલ્મમાં નગ્ન કે અર્ધ નગ્ન સીન આપવાનું કહેવામાં આવ્યું આજે એ લોકો જ મારા પર 'હું સ્કીન શો' કરું છું તેવો આરોપ લગાવે છે. મને એવા લોકો પર વિશ્વાસ નથી જેઓ પૈસા અને સેકસને સરખી વસ્તુ સમજે છે.''

આ કોઈ ફિલ્મના સંવાદ નથી આ તો વાસ્તવિકતા છે. એક લેટેસ્ટ ઇવેન્ટમાં મલ્લિકાએ દિલ ખોલીને જે વાત કરી તે છે. આજ સુધીમાં તેણે સૌથી વધુ ઇન્ટીમેન્ટ, કિસિંગ અને હોટ સીન આપ્યા છે અને જેકી ચેનની ફિલ્મ માટે તેણે ટોપલેસ સીન પણ આપ્યો છે. તો તેની પ્રથમ ફિલ્મ 'ખ્વાહીશ' માં તેણે સત્તર-સત્તર કિસિંગ સીન કર્યા હતા. મર્ડર તથા તેના આઇટમ સોગ વગેરેમાં તેણે ભરપૂર અંગ પ્રદર્શન કર્યું છે. તે આજે કંઇ ક જુદી જ ભાષા બોલી રહી છે તેવું લાગે છે. શું એવું છે કે તેણે જે મેળવવું છે તે માટે તે કંઇ પણ કરવા તૈયાર રહે છે?

મલ્લિકા કહે છે 'મારી આઇકોન મેડોના છે. મેં બોલિવુડના અત્યાર સુધીના ચીલાચાલુ સ્ટેન્ડર્ડને માનવા ના પાડી દીધી હતી. લોકો મર્ડર મલ્લિકા શેરાવતને જોવા આવવા માટે થિયેટરમાં આવતા હતા. જયારે મેં મારા કટઆઉટ અને હોર્ડિંગ જોયા ત્યારે મને મારો વિજય દેખાયો હતો. હું વધારે 'હોટ' મુવી કરવા ઇચ્છું છું. વધારે લવસીન તથા મારે વધારે 'હોટ ઇન્ટીમેટ' સીન કરવા છે. જયારે હું પડદા પર દેખાવ ત્યારે લોકો મારા પર સિકકા ફેંકે તેવી મારી તમન્ના છે. તેઓ મારી કારની સામે ઢળી પડે. ફલાઇંગ કીસ આપે અને બેરોક તોડીને મારી તરફ ધસી આવે. મારા ચાહકો મારી પાસે આવીને જયારે મને કહે છે. 'મલ્લિકાને મર્ડર કર દીયા ઔર મલ્લિકા મેરી ખ્વાહીશ, બસ મને આટલું મળતું રહે તેવી જ મારા દિલની તમન્ના હોય છે. દિવસના અંતે મારી મુવી લોકો માટે 'વાયેગ્રા'નું કામ કરતી હોય તેવી મારી ઇચ્છા છે. મારી મુવીઝે સ્ટાર સિસ્ટમને તોડી પાડી છે. લોકો મને જોવા આવે છે અને તેમને મારા માટે આકર્ષણ થઇ જાય છે.' વેલ, લો આપણી સાધ્વી બનવા માંગતી હોટ બેબ મલ્લિકાના ઉદગારો કોઇને પણ આશ્ચર્ય પમાડવા માટે પૂરતા છે. પણ સવાલ એ છે કે વાકેય મલ્લિકા તે વાસ્તવમાં સાધ્વી કે સન્યાસી જેવું જીવન જીવે છે? એ વાત કબૂલ કે તેણે દરેક ફિલ્મમાં હોટ તેમજ ઇન્ટીમેટ સીન આપ્યા છે. તેના આઇટેમ સોંગ તો ખરેખર વાયેગ્રા સમાન છે. પરંતુ આજ સુધી મલ્લિકાના કોઇ અફેરની ચર્ચા બોલિવુડમાં કયારેય થઇ નથી. નથી કોઇ હીરો સાથે તેનું નામ જોડાયું. કદાચ મલ્લિકા વાસ્તવમાં તેવી છે તે વાત માનવા માટેનું આ એક સચોટ કારણ કહો તો તે આ છે. તેટલે જ આ હોટેસ્ટે કવીને યશરાજ સ્ટૂડિયોમાં એક આઇટેમ સોંગ કર્યું જેના શબ્દો છે. 'મુન્ની ભી માની ઔર શીલા ભી માની, શાલુ કે ઠુમકે કી દુનિયા દીવાની.' અને દેખીતી રીતે જ 'મુન્ની' અને 'શીલા'ના કોરિયોગ્રાફર તેવી ફરાહખાનને 'શાલુ કે ઠુમકે' મરાવવા સંપર્ક કરાયો પરંતુ ફરાહએ 'હું તો ફકત ફ્રેન્ડસ માટે જ કોરિયોગ્રાફી' કરું છું કહીને ઓફર ઠુકરાવી દીધી.' પરંતુ હકીકીત એ છે કે આ ગીત દ્વારા એવું પ્રસ્થાપિત થતું હતું કે તે 'મુન્ની' એટલે કે મલાયેકા અરોરા અને 'શીલા' એટલે કે કેટરીના કૈફ કરતા વધારે બહેતર તો ખબર નહીં પણ લાજવાબ ડાન્સર છે તેને કારણે ફરહાખાને ગીત કોરિયોગ્રાફી કરવાની ના પાડી. સોર્સના કહેવા મુજબ 'મલ્લિકા પોતાને તે નંબર વન પોઝિશન પર છે તેવું કહેડાવવા ઇચ્છતી હતી. 'તે બોલિવુડની આઇટેમ નંબર વન આઇટેમ ગર્લ બનવા ઇચ્છે છે. ગયા વર્ષે તેના બે આઇટેમ સોંગ આવ્યા અને બંને હીટ રહ્યા છે.' આપણે એટલિસ્ટ એવું તો કહી જ શકીએ કે મલ્લિકા સાધ્વી હોય કે ના હોય પરંતુ બોલિવુડની નંબર વન આઇટમ ગર્લ જરૂર બની શકે છે. કોઇ શક?

મીની'ઝ સ્ટાર ટ્રેલ

હલો ફ્રેન્ડ્સ,

કુણાલ કપુર લંડનમાં શૂટિંગ કરતાં તેની કહેવાતી સ્વીટહાર્ટ નૈના બચ્ચન, અભિષેકની કઝીન અને અમિતાભ બચ્ચનના ભાઇ અજિતાભની પુત્રી સાથે રજાની મજા માણતો હતો તો અભિષેક-કરિશ્મા પછી બચ્ચન-કપુર વચ્ચેના આ નવા કનેકશનો હેપી એન્ડ આવે છે કે નહિ તે જોઇએ.

રણબીર દીપીકાનું પીયાનો કનેકશન

રણબીર કપુર અને દિપીકા પદુકોણ જેમની રિલેશનશીપ પૂરા પરિઘમાં ઝળહળતી હતી તેમાં હવે ફરી અકેડશન ઉમેરાયું છે. હમણા એક પાર્ટીમાં બને વચ્ચે ઉષ્માભરી વાતચીત થતી હતી. જેમાં દિપીકાએ કહ્યું કે તે પિયાનો શીખવા ઇચ્છે છે. બીજી સવારે દિપીકાના ઘરે બેલ વાગી વાગી ત્યારે તેના માટે સ્પેશ્યિલ ડિલીવરી રાહ જોતી હતી અને તે હતો પિયાનો. હવે એ કહેવાની જરૂર ખરી કે આ કામ કોનું હતું? મીનીનો ઇશારો કાફી છે! ખરું ને?

ઇમરાન અવંતિકાની સિમ્પલ લાઇફ

ઇમરાન ખાન અને અવંતિકા મલિકને સામાન્ય કપલની જેમ જીવવું ગમે છે, ભલે તેઓ સેલિબ્રિટી રહ્યા-કપલને આખો દિવસ મદદ કરવાવાળું કોઇ નથી તેમજ ઇમરાન માટે સિકયુરીટી ગાર્ડ પણ નથી હમણાં બન્ને નજીકની સુપરમાર્કેટમાં ચાલતા ઘરવખરી ખરીદવા ગયા હતા. જોનારા બધાં તેમના ફોટા ખેંચવા લાગ્યા માર્કેટમાંથી બહાર નીકળતા હતા ત્યારે સ્ટાફે તેમને એકઠા થયેલા લોકોના ટોળા વિશે જાણકારી આપી આથી તેણે તેના મામુજાનને ફોન કરી બોલવવા પડયા અને આમિર તેની કાર અને ગાર્ડ મોકલીને બન્નેને બચાવ્યા. આમિર માત્ર બે બિલ્ડીંગ દૂર રહે છે. ઇમરાનનું આ પગલું સાહસિક છે ને! મીની ઇઝ ઇમ્પ્રેસ્ડ!

ઇમરાન - અંવતિકા

કેટરીનાએ વિદ્યાને રાહ જોવડાવી

કરીના અને કેટરીના પાસે ભલે બધા 'ખાન' હોય પણ એક એવી છોકરી છે જેને સફળતા માટે આ ખાનબંધુઓની જરૂર નથી, વિદ્યા બાલન જેણે હમણાં ખાનબંધુઓને તેની સરનેઇમ લઇ લેવાની સલાહ આપી હતી જેથી તેમની ફિલ્મો સફળ રહે. પરંતુ હમણાં કેટરીનાના કારણે થોડી દોડાદોડી થઇ. બંને બ્યુટીને એવોર્ડ શો માટે રીહર્સલ જગ્યા ફાળવવામાં આવી હતી. કેટનું રિહર્સલ લાંબુ ચાલ્યું તેથી વિદ્યાએ બહાર રાહ જોવી પડી. વિદ્યા ખૂબ અપસેટ થઇ અને તે સ્થાન છોડીને જતી રહી. મીનીને લાગે છે કે 'ડર્ટી પિકચર' અહીં ન ભજવાય તે માટે જે જતી રહી.

વિદ્યા

પ્રિયંકા'તું ખાન નથી

મિડિયામાં પ્રિયંકા ચોપરા અને શાહરૂખ ખાનની મિત્રતા વિશે ઘણી બધી ચર્ચા થઇ ચૂકી છે તેનાં એક નવા ખબર સાંભળો. પ્રિયંકાએ બારફીમાં ઓટિઝમથી પિડાતી વ્યકિતનો રોલ કરવાનો છે તેથી સિપોર્ટના ભણાવ્યા મુજબ તેમણે એસઆરકેના 'માય ને ઇઝ ખાન'ના પરફોર્મન્સને રેફરન્સ તરીકે જોયું. પ્રિયંકા ખાન તેવી જ એકટિંગ કરતી હતી. આથી અનુરાગ બસુ તેવા રોગથી પિડાતી ત્રણ છોકરીઓને સેટ પર લઇ આવ્યો અને પીસી જોડે વાતચીત કરી. સોર્સના જણાવ્યા મુજબ ચોપરાએ ખાનની એકટિંગથી દૂર રહી પાત્ર ભજવવાનું છે. પીસી તેના આદર્શને વધુ પડતો ફોલો કરે છે... નહીં?

હું SRKથી ઇમ્પ્રેસ છું (!)

મુહંફટ અનુષ્કા

એ વિશે કોઇ શંકા નથી કે અનુષ્કા શર્મા ખૂબ જ ગુસ્સાવાળી તથા મુંહફટ છે. જયારે તેને રણવીરની 'બોલકી' ઇમેજ વિશે પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'હું પોતે જ મુંહફટ છું. રણવીર તેવો નથી. મને જે લાગે તે હું કહું છું અને ત્યારે ભૂલી જાઉં છું કે આજુબાજુ કોઇ ઊભું છે. આપણને આવી છોકરીઓ ગમે છે. કારણકે તેઓ આ પ્રકારના બોલવાના કારણે મુશ્કેલીમાં ફસાય છે. પણ તેને કારણે ઘણીવાર લપિયા લોકો દૂર રહે છે. હમણાં એક એવોર્ડ ફંકશનમાં એક ઉત્સાહિત દર્શક બેરીકોડ તોડીને તેની નજીક આવતા બૂમ પાડી હતી કે 'બીકિનીમાં કયાં મસ્ત લગતી હૈ તુ' અનુષ્કાએ તેની સામે જોયું. તે ગુસ્સાથી લાલપીળી હતી અને તેણે વળતો હુમલો કર્યો, 'તું પાગલ હૈ કયા? ઇસકો લેકે જાવ યહાં સે!' 'મીની નથી લાગતું કે આ ડેમસેલને બોડીગાર્ડની જરૂર હોય? શું કહો છો?

અનુષ્કા : મેરે પાસ મત આના... નહીં તો...